


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)




# અંબાજી ખાતે માતાજીના પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

## હજારો માઈભક્તોના જય જયકારથી અંબાજી ધામ ગુંજી ઉઠયુ

જગ-સિધ્ધ તીર્થસ્થાન અંબાજી મુકામે જગદજનની આધશક્તિ મા અંબેના -ાગટ્યોત્સવ પર્વ પોષી પુનમની ભારે હર્ષ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ -સંગે મંદિરના ચાચર ચોકમાં મહાશક્તિ યજ્ઞ કરવામાં આવ્યો હતો જેમાં ૭૯ દંપતિઓએ આ પવિત્ર -સંગમાં સહભાગી બનવાનો લ્હાવો લીધો હતો. પોષી પુનમની માતાજીના -ાગટ્યોત્સવ તરીકે સદીઓથી ઉજવણી થાય છે. તેથી અ ંબાજી ખાતે મહામેળા જેવો માહોલ સર્જાયો હતો. અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ ધ્વારા માતાજીની ભવ્ય શોભાયાત્રાનું અંબાજી ગામમાં પરિભ્રમણ કરવામાં આવ્યુ હતું. સમિતિના સ્વયંસેવકો ધ્વારા સવારે ૭.૩૦ વાગે ગબ્બરથી માતાજીની અખંડ જયોતમાંથી જયોત -ગટાવીને લાવ્યા હતાં. આ જયોત સાથે મંદિરના શક્તિધ્વારેથી બપોરે ૧૨ વાગે શોભાયાત્રાનું -સ્થાન થયું હતું. જેમાં ગુજરાતના ગરબા અને રાજસ્થાની ઘુમર ડાન્સ સાથે શાનદાર જમાવટ થઈ હતી. શોભાયાત્રામાં ૧ હાથી, ૬ ઘોડા, અને શણગારેલી પાંચ ઉંટગાડીઓ સાથે વિવિધ કલાકારોએ પોતાની કલા રજુ કરી હતી. દિવસ દરમિયાન હજારોની જનમેદની માતાજીની જયજયકાર બોલાવી અંબાજી ધામને ગુંજતુ રાખ્યુ હતું.

માતાજીના આ પવિત્ર અને મહાપર્વ -સંગે દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે ભોજનાલયમાં મિષ્ટાન ભોજન યાત્રિકોને વિનામૂલ્યે આપવામાં આવ્યું હતું. શોભાયાત્રા માટે દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા ૨,૦૦૦ કિલો સુખડીનો -સાદ અને મંદિરના ચાચર ચોકમાં બુંદીનો -સાદ આખો દિવસ વહેંચવામાં આવ્યો હતો. અંબાજી મંદિરની ફુલોથી સુંદર રીતે સજાવટ કરવામાં આવી હતી. શોભાયાત્રામાં અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિના -મુખશ્રી સુનિલ અગ્રવાલ, મંત્રીશ્રી સુનિલ બ્રહ્મભટ્ટ, શ્રી -વિણસિંહ રાણા, શ્રી -કાશભાઈ અગ્રવાલ તથા ઘણા સભ્યોએ શોભાયાત્રાની વ્યવસ્થા સારી રીતે જાળવી હતી.



### પાટણમાં ટ્રાયસીકલ વિકલાંગ મેરેથોન યોજાશે

પાટણમાં અગામી ૨૯મી જાન્યુઆરીના રોજ ચોથી ઐતિહાસિક પાટણ ટ્રાયસીકલ વિકલાંગ મેરેથોન ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬૦૦ જેટલા વિકલાંગ સ્પર્ધકો તેમની ટ્રાયકીલ સાથે પાટણ ખાતેની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના પ્રાંગણથી નીકળી સરદાર પટેલ રમત ગમત સંકુલ સુધી ૧૪ કિમી ટ્રાઈસીકલ મેરેથોન યોજાશે. આ મેરેથોનમાં પૂર્વ ક્રિકેટર રાહુલ દ્રવીડ, નયન મોંગીયા, પરમવીરચક્ર વિજેતા અને કારગીલ યોધ્ધા યોગેન્દ્રસિંહ યાદવ , ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુધ્ધના પાંચ યોધ્ધાઓ તેમજ ગુજરાતી સિનેમાના કલાકારો ઉપસ્થિત રહેશે. ઉપરાંત વિજેતાઓને આશ્વાસન ઈનામ આપવામાં આવશે તેમ મેજર નીતીન જોષીએ જણાવ્યું હતું. (તસવીર : ચેતન રામી)

# ખેડબ્રહ્માંમાં તસ્કરોએ વધુ બે મંદિરોને નિશાન બનાવ્યા

ખેડબ્રહ્મા, તા.૧૬

ખેડબ્રહ્માના ગામ વિસ્તારમાં આવેલ જૈન મંદિર તથા માણેકનાથ મંદિરમાં બુધવાર રાત્રે ત્રાટકેલી તસ્કર ટોળકીએ મંદિરમાં ચોરી કરી હતી. ત્રાટકેલ ટોળકીએ જૈન મંદિરનો ભંડાર ઉઠાવી ગયા હતા અને ભંડારમાંથી રોકડ રકમની લુંટ કરી ભંડાર નદીમાં પાણીમાં નાંખી દીધો હતો. ચોરીના પગલે જૈન મંદિરમાં દોડધામ મચી ગઈ હતી.



(તસવીર : જતીન સુથાર)

ખેડબ્રહ્મામાં તસ્કર ટોળકીએ એક અઠવાડીયામાં બીજા બે મંદિરોને નિશાન બનાવ્યા હતા. મંદિરમાં થઈ રહેલી ઉપરાછાપરી ચોરીઓથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાં આવેલા મહાવીર સ્વામી જૈન મંદિરના પ્રમુખ શૈલેષભાઈ મહેતાના જણાવ્યા અનુસાર બુધવારની રાત્રિના એક વાગ્યાના સુમારે લાકડી, પથ્થર, કાંસ જેવા સાધનો સાથે ત્રાટકેલી ટોળકીએ મંદિરના તાળા તોડી મંદિરમાં પ્રવેશ કર્યો હતો અને મંદિરનો ભંડાર લઈ બહાર નીકળ્યા હતા પરંતુ આજુબાજુના રહીશો ચહેલપહેલથી જાગી જતા તસ્કરો ફકત ભંડારો લઈ પલાયન થઈ ગયા હતા. રાત્રિના એક વાગે સમગ્ર શહેરની વિજળી ડુલ થઈ જતા આ તસ્કરોએ અંધારાનો લાભ લઈ ચોરીને અંજામ આપ્યો હતો. મંદિરના પ્રમુખના જમાવ્યા અનુસાર ભંડારમાંથી રૂ. ૩૦૦૦ની ચોરી થઈ હતી.

જયારે બીજા માણેકનાથના મંદિરમાં પણ તસ્કરોએ હાથ અજમાવ્યો હતો. જયાં તસ્કરોએ માણેકનાથ મંદિરની જાળીનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર સૂતેલ મફતભાઈ રબારી, કલ્યાણભાઈ રબારી તથા મીઠુંસિંહ રતનસિંહ ચૌહાણને કડાથી માર મારી ગડદાપાટુનો માર મારી મંદિરની તિજોરી તથા ભંડાર તોડી તેમાંની રોકડ રકમ તથા મીઠુંસિંહનો મોબાઈલ કિંમત રૂ. ૧૭૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે ગોબરભાઈ મેઘાભાઈ રબારી રહે. દાવડ ઈડરનાઓએ અજાણ્યા ત્રણથી ચાર જણા વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસા માર્કેટયાર્ડમાં ચેરમેન અને વા. ચેરમેનની વરણી કરાઈ

ધનસુરા, તા. ૧૬

મોડાસા ખાતે ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિમાં ચેરમેન અને વા. ચેરમેનની ગુરૂવારના રોજ ચૂંટણી હાથ ધરવામાં આવી હતી. બિનહરિફ વરણી થઈ હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા એ.પી.એમ.સી. ચેરમેન અને વા. ચેરમેનની ચૂંટણીના ખરાખરી જંગ જામ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી બી.ડી. ડામોર ચેરમેન અને વા. ચેરમેનના નામના મેન્ડેટ લઈને આવ્યા હતા. જિલ્લા રજીસ્ટ્રાર ખેતિવાડી અધિકારી, નગરપાલિકાના એક સદસ્ય અને ચૂંટાયેલ ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં



ભાજપ તરફથી ચેરમેન તરીકે ચંદુભાઈ પટેલને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. જ્યારે વા. ચેરમેન તરીકે રાકેશભાઈ પટેલને મેન્ડેટ અપાતા ચેરમેન અને વા. ચેરમેનના નામોની ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો હતો. સત્તા મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. જેમાં ભાજપ તરફથી ખુલ્યુંહતું. બન્ને હોદ્દેદારોની બિનહરીફ વરણી થતા મોટી સંખ્યામાં ઉમટી પડેલા ટેકેદારો અને શુભેચ્છકોએ અબીલ ગુલાલ ઉડાડી શુભેચ્છાઓ પાઠવી હતી.

# મોડાસા પોલીસે ૧૩ પશુઓને બચાવ્યા

મોડાસા, તા. ૧૬

ધનસુરા તરફ જવાના માર્ગ પર રાણાસૈયદ ચોકડી પાસે દરગાહની સામે ખેતરમાં ટ્રકમાં ગેરકાયદેસર રીતે ગૌવંશ ભરીને તેને કતલખાને લઈ જનાર હોવાની હકિકતના આધારે મોડાસા પોલીસે સ્ટાફના માણસો સાથે દરોડો પાડી ગૌવંશ ભરેલ ટ્રક ઝડપી પાડી હતી, જ્યારે ડ્રાઈવર અને કંડક્ટર ફરાર થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાને ખાનગી માહિતી મળી હતી કે મોડાસાથી ધનસુરા તરફના માર્ગ પર રાણા સૈયદ ચોકડી પાસે દરગાહની સામે ખુલ્લા ખેતરમાં ટ્રકમાં ગેર કાયદેસર રીતે ગૌવંશ ભરીને તેને કતલખાને લઈ જનાર છે જે બાતમીના આધારે મોડાસા પોલીસ મથકના પી.આઈ. ઉપાધ્યાય, વીરલ પટેલ સહિતની ટીમે બાતમી સ્થળે દરોડો પાડી ટ્રકને પકડવા ગયા હતા પરંતુ ટ્રક લઈ ચાલક અને કંડક્ટર નાસી છુટવામાં સફળ રહ્યા હતા જે ટ્રક જીજે-૯-એક્સ-૮૭૭૫ની તાડપત્રી ખોલી જોતા તેમાંથી ૧૩ જેટલા બળદો ક્રૂરતાપૂર્વક ભરેલા હતા. પોલીસે કુલ રૂ. ૭,૬૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બન્ને ઈસમ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈડરની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલે વિદ્યાર્થીઓને ભણવા માટે બહારગામ જતા અટકાવ્યા

### ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સવલતો ઉભી કરી મુખ્યમંત્રીના રૂર્બનાઈઝેશનના ખ્યાલને સાર્થક કરી બતાવ્યો

ઈડર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ગ્રામ્ય વિસ્તારમાં શહેરની સમકક્ષ સુવિધાઓ, ગુણવત્તા અને અનુભવો આપતી સંસ્થા બની છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ‘રૂર્બનાઈઝેશન’ના વિચારને મૂર્તિમંત કરતી આ શાળામાં ઈડર અને આસપાસના વિસ્તારમાંથી ઉત્તમ શિક્ષણાર્થે માઉન્ટ આબુ જેવા સ્થળોએ ગયેલા વિદ્યાર્થીઓ વતન પરત ફર્યા છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો રૂર્બનાઈઝેશનો ખ્યાલ ગામડાઓમાં શહેરની સમકક્ષ માળખાગત સુવિધાઓ ઉભી કરી શિક્ષણ, આરોગ્ય, ખેતી, સડકો અને એનર્જી ક્ષેત્રે રાજયમાં ૧૮૨ જેટલા કલસ્ટર બનાવી ગ્રામવાસીઓની શહેરો તરફની દોટને નાથવા માટે રજૂ કરવામાં આવ્યો છે. આ રૂર્બનાઈઝેશનના ખ્યાલ પરથી પ્રેરણા લઈને ઈડર ખાતે ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સવલતો આપતી યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. આ શાળા શરૂ થયાના માત્ર દોઢ જ વર્ષમાં લગભગ ૪૦ જેટલા વિદ્યાર્થીઓ જેઓ સારા અભ્યાસ અર્થે મુંબઈથી લઈને અમદાવાદ, વડોદરા, પાટણ, ડીસા, ગાંધીનગર અને માઉન્ટ આબુ જેવા સ્થળોએ ગયા હતા. તેઓ હવે ઈડર પરત આવીને આ શાળામાં પ્રવેશ મેળવી શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. શાળાના આ શિક્ષણ પ્રયોગથી સંતાનોના શિક્ષણ માટે સ્થળાંતર કરી ગયેલા વાસીઓ પણ હવે માદરે વતન પરત ફરી રહ્યા છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના વાલી અને લાલોડા ગામના રહેવાસી ડાહ્યાભાઈ પટેલે પોતાના દિકરા સ્મિતને અમદાવાદની શાળામાંથી હવે ઈડરમાં ભણવા મુકતા તેમને અમદાવાદ જેવુ જ ગુણવત્તાસભર શિક્ષણ મળી રહ્યું હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. આવો જ મત અન્ય એક ચોરીવાડ ગામના વિદ્યાર્થીના વાલીએ પણ રજૂ કર્યો હતો.

ઈડરની યુનિક યુ શાળામાં પંજાબ, યુપી, રાજસ્થાન અને મહારાષ્ટ્રથી પણ વિદ્યાર્થીઓ ભણવા આવ્યા છે તેમજ વિદેશમાં કેનેડા, યુગાન્ડા અને ઓસ્ટ્રેલિયા ખાતે ભણેલા કેટલાક વિદ્યાર્થીઓએ પણ પ્રવેશ લીધો છે. તે ઈડર માટે ગૌરવની વાત છે. આ શાળામાં આઈટી ઈન્ફર્મેશન ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# મૂળ ડીસાના વતની હીરા માણેક જુથનાં તંત્રી હાર્દિક હુંડીયાને માતૃશોક

ડીસા, તા. ૧૭

મુળ ડીસાના વતની અને હાલ મુંબઈમાં હીરાબજાર, ડાયમંડ જ્વેલરી, ગોલ્ડ જ્વેલરી, જ્વેલરી મશીનરી તથા અન્ય સમાચારોને તટ્સ્થપણે પ્રકાશિત કરતા હીરા માણેક અખબારના માલિક હાર્દિક હુંડીયાના માતૃશ્રી ગ.સ્વરૂપ બક્ષુબેન સોહનલાલજી હુંડીયા (ઉ. ૮૦) તારીખ ૧૦મી જાન્યુઆરી શુક્રવારના રોજ સાંજે ૪.૪૫ કલાકે સ્વર્ગવાસી થયેલ છે.

ગ.સ્વરૂપ બક્ષુબેન સમસ્ત જીવન સંયમી અને સાત્વીકપણે વિતાવ્યું છે. આચાર્ય ભગવંતોની નિશ્રામાં તથા પર્વતાધિરાજ ગિરીરાજની ગોદમાં ત્રણ વખત ચાતુર્માસ સાથે દરેક ધાર્મિક ક્રિયાઓ પુરી શુદ્ધી સાથે તેઓ કરતા. ગુરૂ ભગવંતોનો નિયમિત ગોચરી વહોરાવવી, નિત્ય સેવા પૂજા, દેવ મંદિર દર્શન એજ દિનચર્યામાં તેઓએ સમસ્ત જીવન વિતાવ્યું ડીસા ખાતે તેમના નિવાસ સ્થાને આવનાર કોઈપણ વ્યક્તિને તેઓ ખુબ સ્નેહ પૂર્વક સાચવતા દરેક વ્યક્તિ સાથે ખુબ જ આદર અને પ્રેમ અને લાગણીથી જોડાયેલ બક્ષુબેન પરિવારના મોભી હોવાની સાથે સાથે બાળકોમાં પણ ખુબ



જ પ્રિય હતા. પરિવારમાં બે પુત્રો, પુત્ર વધુ, ત્રણ પૌત્રી, બે પુત્રી તથા વિશાળ પરિવારને પોતાના વાત્સલ્યથી અને પ્રેમથી તેઓએ પરિવારને એક સુત્રે બાંધીને રાખેલ છે. કરૂણામઈ માતાના આકસ્મીક નિધનથી ન પુરી શકાય તેવી ખોટ હુંડીયા પરિવારમાં પડી છે. તેમણે પાથરેલી સુવાસ અજર -અમર છે.

મુંબઈ ખાતે સમતાનગર જૈન સંઘમાં દાદા કુંતીનાથ દાદાના મંદિરના જીર્ણોદ્ધારનો લાભ પણ બક્ષુબેન સોહનલાલ હુંડીયા પરિવારે લીધો હતો. હુંડીયા પરીવારનાં મોભી મીઠાલાલ અને સુમેરમલ હુંડીયાએ પણ આ દુઃખદ ઘટનામાં સહભાગી થનારા સર્વેનો ઉપકાર માન્યો હતો. પરમાત્માને પ્રાર્થીએ કે સદ્ગતના આત્માને પરમ શાંતિ બક્ષે પરિવારને આ દુઃખની ઘડીમાં ઈશ્વર શક્તિ આપે.

## ગંગા સ્વરૂપ બક્ષુબેન સોહનલાલ હુંડીયાને ભાવભીની શ્રધ્ધાંજલી

સદ્ગતનું ઉઠામણું જૈન બોડીંગ, ઓસવાલ વાડી, ભણશાલી હોસ્પિટલ પાછળ, કોલેજ રોડ ઉપર, તા. ૧૭-૧-૨૦૧૪ને શુક્રવારને સવારે ૧૧-૦૦ વાગે રાખેલ છે. જેની નોંધ સર્વે મિત્રો અને સ્નેહીઓએ લેવી તેમ હાર્દિકભાઈ હુડીંયાએ ખુબ જ દુઃખ ભેર જણાવેલ.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર બોરીટા, બોભા અને પોપડા ગામે ખાતમુર્હૂત તેમજ લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત રાજયના રાજયકક્ષાના મંત્રી ગોવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બોરીયા સિતવાડી ગામે ૨૬ લાખના વિકાસના કામો અને પોયડામાં ૩૬.૫૭ લાખના તેમજ બોભા ગામે ૨૨ લાખના વિકાસના કામો કુલ ૮૪.૫૭ લાખના વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શાળાના ઓરડા, સી.સી. રોડ તેમજ પીવાના પાણીની સુવિધાઓ લઈને વિકાસના કામો કરવામાં આવ્યા હતા જેમાં દિપસિંહ રાઠોડ, જયસિંહ ચૌહાણ, સરપંચ મિલ્કતસિંહ રાઠોડ, ડી.વી. મકવાણા, ટી.કે. વાઘેલા ઉપસ્થિત હતાં.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન